# GOVT. MEDICAL COLLEGE - BHAVNAGAR

Near S. T. Stand, Jail Road,
Bhavnagar - 364 002. (Gujarat-India)
Tel.: (0278) 2422011 / 2430808 / 2431855 / 2431868 Fax : (0278) 2422011

No.MCB/S.S./ 16451-63/2023 Dt.01/09/2023

કચેરી આદેશ :-

વિષય :- ૩૬માં લેબોરેટરી ટેકનીશ્યન તાલીમ વર્ગમાં પ્રવેશ આપવા બાબત.

સંદર્ભ :- ૧) ગુજરાત સરકાર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાક મકમ-૧૦૨૦૧૨ -એસએફએસ-૩૧-સ,સચિવાલય,ગાંધીનગર તા.૦૪/૦૯/૨૦૧૫

૨) અધિક નિયામક ત.શ. અને સંશોધનના પત્ર ક્રમાક : જી-૩/મહેકમ /૩૬મો.લેબો-એક્સ-રે ટેકની તાલીમ કોર્ષ/૧૮૭૮૧-૫૬/૨૩ તા.૧૮/૦૭/૨૦૨૩

સરકારશ્રીના પ્રર્વતમાન નિયમોનુસાર તા.૦૧/૦૮/૨૦૨૩ થી એક વર્ષ માટે શરૂ થતા ૩૬મા લેબોરેટરી ટેકનીશ્યન તાલીમ વર્ગમાં નીચે જણાવેલ શરતો ને આધીન રહીને પ્રવેશ આપવામાં આવેલ હતા. પંરતુ નીચે મુજબ કેટેગરી વાઈઝ જગ્યા ખાલી થતા પ્રતિક્ષા યાદી મુજબ પસંદગી પામેલ તાલીમાર્થીને સરકારશ્રીના આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણનાં સંદર્ભના ઠરાવમાં દર્શાવેલ લેબોરેટરી ટેકનીશ્યનની પસંદગીની શરતો પ્રમાણે કરવામાં આવતા નીચેના તાલીમાર્થીને તા.૦૪/૦૯/૨૦૨૩ થી લેબોરેટરી ટેકનીશ્યન કોર્ષમાં નીચે જણાવેલ શરતોને આધિન હાજર થવાના આથી આદેશ કરવામાં આવે છે.

| Sr. No. | Student Name | Admission Category |
|---|---|---|
| 1 | ABHISHEK KAUSHIKBHAI JOSHI | EWS |
| 2 | HETALBEN DHIRUBHAI SOLANKI | SEBC |
| 3 | HARSH HARESHBHAI DODIYA | SEBC |
| 4 | PARTH ALABHAI CHAD | SEBC |

૧. તમો લેબોરેટરી ટેકનિશ્યન ટ્રેનિંગ કોર્ષમાં પ્રવેશ લઈ રહ્યા છો.

૨. તાલીમાર્થીને રહેવાની તથા જમવાની સગવડ પોતાના સ્વખર્ચે કરવાની રહેશે.

૩. તાલીમના સમય દરમ્યાન તમારે નીયમીત તથા શિસ્તબધ્ધ રીતે તાલીમ લેવાની રહેશે અને જો તાલીમના સમય દરમ્યાન અનિયમીતતા કે અસભ્ય વર્તન કરતા જણાશે તો વગર નોટીસે તમોને અધુરી તાલીમમાથી છુટા કરવામાં આવશે.

GOVT. MEDICAL COLLEGE - BHAVNAGAR
Near S. T. Stand, Jail Road,
Bhavnagar - 364 002. (Gujarat-India)
Tel. : (0278) 2422011 / 2430808 / 2431855 / 2431866 Fax : (0278) 2422011

No.MCB/S.S./ 16451-63 /2023 Dt.01/09/2023

૪. કોઈપણ જાતની રેગીંગ કરતા જણાશે અથવા માલુમ પડશે તો કોર્ષ માથી છુટા કરવામાં આવશે.

૫. પ્રવેશ નિયમોનુસાર તાલીમાર્થીને પુરા કોર્ષ દરમ્યાન ૭૫% હાજરી અચુક હોવી જોઈએ અને જો તેમ થવા નહી પામે તો તાલીમાર્થીને પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહી.

૬. તાલીમાર્થીએ વધુમાં વધુ ત્રણ પ્રયાસમાં પરીક્ષા પાસ કરવાની રહેશે.એસ.સી અને એસ.ટી. કેટેગરીના ઉમેદવારને એક વધારે તક મળવાપાત્ર રહેશે.

૭. તમો હાલમાં કોઈપણ જગ્યાએ નોકરી કરતા નથી તેવુ બાંહેધરી પત્રક રજુ કરવાનું રહેશે.

૮. કોઈપણ જાતની ગેરરીતી/ગેરહાજરી તથા અન્ય સરકારી નિયમોને લગતી ગેરપ્રવૃતિ માટે બંધનકર્તા રહેશે.

૯. રેપીડ એકશન ટીમમાં જરૂર પડે ત્યારે જવાનું રહેશે તથા નાઈટ ડયુટી આવે ત્યારે કરવાની રહેશે.

૧૦.બ્લડ ડોનેશન કેમ્પમાં જયારે ડયુટી આપવામાં આવે ત્યારે બહારગામ જવાની ત્યારી રાખવાની રહેશે.

૧૧.એનાટોમી વિભાગમાં પોસ્ટીંગ દરમ્યાન એમ્બાલમીંગની ટ્રેનિંગ લેવાની રહેશે.

૧૨. ઈમરજન્સી દરમ્યાન જયારે બોલાવવામાં આવે(દિવસ/રાત્રે) ત્યારે ડયુટી પર હાજર રહેવાનું રહેશે.

૧૩. ઉપરોકત શરતોને આધિન અને સરકારશ્રીના આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણનાં ઠરાવ ક્માક મકમ-૧૦૨૦૧૨-એસએફએસ-૩૧-સ, સચિવાલય, ગાંધીનગર તા.૦૪/૦૯/૨૦૧૫ના ઠરાવમાં દર્શાવેલ તમામ શરતો/નિયમોને આધિન તમોને લેબોરેટરી ટેકનિશ્યન કોર્ષમાં પ્રવેશ આપવામાં આવે છે. આથી આ ઠરાવની તમામ શરતો તમોને બંધનકર્તા રહેશે.

૧૪.પરીક્ષાને લગતા આનુષંગિક ખર્ચ પેટે રૂ. ૩૦૦/- મેડીકલ કોલેજ ડેવલોપમેન્ટ સોસાયટીમા જમા કરવાના રહેશે.

ઈ/c ડીન,
સરકારી મેડીકલ કોલેજ,
ભાવનગર.

**GOVT. MEDICAL COLLEGE - BHAVNAGAR**
Near S. T. Stand, Jail Road,
Bhavnagar - 364 002. (Gujarat-India)
Tel. : (0278) 2422011 / 2430808 / 2431865 / 2431866 Fax : (0278) 2422011

No.MCB/S.S./ 16451-63 /2023 Dt.01 /09 /2023

પ્રતિ,
સબંધિત તમામ તાલીમાર્થી.

નકલ રવાના:-

પ્રાધ્યાપક, અને વિભાગના વડા,
એનાટોમી/ફીજીયોલોજી/બાયોકેમેસ્ટ્રી/ફાર્મેકોલોજી/પેથોલોજી/માઈક્રોબાયોલોજી/
સરકારી મેડીકલ કોલેજ,ભાવનગર તરફ જાણ તથા યોગ્ય થવા સારૂ.

નકલ સવિનય રવાના:-

૧) અધિક નિયામકશ્રી,તબીબી શિક્ષાણ અને સંશોધન (ત.શિ.)ના કમિશ્નરની કચેરી, બ્લોક-૪ ત્રીજો માળ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર તરફ જાણ સારૂ.

૨) સભ્ય સચિવશ્રી, કેન્દ્રીય પરીક્ષાા સમિતી પેથોલોજી વિભાગ, બી.જે. મેડીકલ કોલજ, અમદાવાદ તરફ જાણ સારૂ.

૩) ચેરમેનશ્રી, લેબોરેટરી/એકસ-રે ટેકનીશ્ન ટ્રેનિંગ કોર્ષ, બી.જે.મેડીકલ કોલેજ, અમદાવાદ તરફ જાણ સારૂ.